# રાજય પરીક્ષા બોર્ડ,સેકટર –૨૧, ગાંધીનગર

# શિક્ષક યોગ્યતા કસોટી

# જાહેરનામુ : 2011

### ક્રમાંક : રાપબો / TET-2011-10308, તા. 21-05-2011

પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી અંગેના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક : પીઆરઈ–૧૧૧૧–૭૧૧–ક, સચિવાલય, ગાંધીનગર, તા. ૨૭–૪–૨૦૧૧તથા *વિદ્યાસહાયક ભરતી અંગેના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક : પીઆરઈ–૧૧૧૦–૨૨૩–ક, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૭–૪–૨૦૧૧* માં દર્શાવ્યા મુજબ પ્રથમ તબકકામાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો / વિદ્યાસહાયકો માટેની ભાષા(ગુજરાતી, અંગ્રેજી, હિંદી, સંસ્કૃત ) અને ગણિત–વિજ્ઞાનની શિક્ષક યોગ્યતા કસોટી રાજય પરીક્ષા બોર્ડ , ગાંધીનગર દ્વારા **લેવા માટે જણાવવામાં આવેલ છે.**

આ અનુસંધાને રાજય પરીક્ષા બોર્ડ, ગુજરાત રાજય,ગાંધીનગર દ્વારા પ્રથમ તબકકામાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટે ધોરણ – 6 થી 8 માં ભરતી થનાર પ્રાથમિક શિક્ષકો / વિદ્યાસહાયકો માટેનો Eligibility Test જૂન – 2011 માં લેવા માટેનું જાહેરનામું આજરોજ બહાર પાડવામાં આવે છે. જે માટેનો નિયત કાર્યક્રમ જાહેરનામામાં જણાવવામાં આવે છે. આ પરીક્ષાના સરળ અને સફળ સંચાલન માટે આપેલ વિગતો અને કાર્યક્રમ મુજબ અમલ કરવા આથી જણાવાવમાં આવે છે.

ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો માટેની શિક્ષક યોગ્યતા કસોટી Teacher Eligibility Test : (TET ) જૂન – 2011 માં જિલ્લા મથકે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓના સંચાલન હેઠળ, રાજય પરીક્ષા બોર્ડના આયોજન અને અમલીકરણ મુજબ લેવામાં આવશે.

| ક્રમ | વિગત | સમયગાળો |
|---|---|---|
| 1 | જાહેરનામું બહાર પાડયા તારીખ | તા. 21-5-2011 |
| 2 | વર્તમાનપત્રોમાં કસોટી અંગે જાહેરાત પ્રસિધ્ધ થવાની તારીખ | તા. 22-5-2011 |
| 3 | ojas ની વેબસાઈટ પર TET નું ઓનલાઈન રજીસ્ટ્રેશન ફોર્મ મૂકવાની તારીખ | તા. 24-5-2011 |
| 4 | ઉમેદવારો માટેTET નું રજીસ્ટ્રેશન ફોર્મ ઓનલાઈન ભરવાનો સમયગાળો | તા. 24-5-2011 બપોરના 12-00 થી<br>તા. 2-6-2011 રાત્રિના 23.59 કલાક સુધી |
| 5 | કસોટીની તારીખ અને સમય ( ભાષા અને ગણિત–વિજ્ઞાન માટે)<br>ભાષા : ગુજરાતી, અંગ્રેજી, હિંદી અને સંસ્કૃત | તા. 12-6-2011 સવારના 11 થી 13 |

# TET  સંબંધી જરૂરી અગત્યની માહિતી અને માર્ગદર્શક બાબતો

## વિભાગ – I

### 1. ઓનલાઈન ફોર્મ ભરતાં પહેલાં :

આ માટે ઉમેદવારે http://ojas.guj.nic.in વેબસાઈટ પર તા. 24-5-11 બપોરના 12-00 થી તા. 2-6-11 ( સમય રાત્રિના 23.59 કલાક સુધી) દરમ્યાન  અરજી કરવાની રહેશે.   ઉમેદવારે પોતાનો   તાજેતરનો Photograph (10 kb) અને Signature ( 10 kb) સાઈઝથી વધારે નહીં તે રીતે  jpg format માં scan કરી કમ્પ્યુટરમાં તૈયાર રાખવાનો રહેશે. જે ઓનલાઈન અરજીમાં upload કરવાનો રહેશે. અરજદારે નિયત કરેલ ફોર્મ ઓનલાઈન ભરવા માટેની સૂચનાઓ આગળ આપવામાં આવેલ છે.

- ઓનલાઈન ફોર્મ સબમીટ કર્યા બાદ તે ફોર્મ ડાઉનલોડ કરી જરૂરી આધારો જેવા કે : જાતિ અંગેના અને શારિરીક અપંગતા અંગેના સ્વપ્રમાણિત પ્રમાણપત્રની ઝેરોક્ષ જે તે જિલ્લાના સ્વીકાર કેન્દ્ર પર આપવાની રહેશે.
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે રાજય સરકારે નકકી કરેલા સક્ષમ અધિકારીનું સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનું જાતિ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. તથા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ માટે ચાલુ નાણાકીય વર્ષ 2011-12 નું ઉન્નતવર્ગમાં સમાવેશ થતો ન હોવાનું (નોન ક્રિમીલીયર સર્ટી) મામલતદારનું પ્રમાણપત્ર પણ રજૂ કરવાનું રહેશે.
- અનુસૂચિત જાતિના કિસ્સામાં અનુસૂચિત જાતિમાં સમાવેશ થતો હોવાનું સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- અનુસૂચિત જનજાતિના કિસ્સામાં અનુસૂચિત જનજાતિમાં સમાવેશ થતો હોવાનું સક્ષમ અધિકારીનું જાતિ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- શારિરીક અપંગતા ( Physically Handicap) ના કિસ્સામાં રાજય સરકારે નકકી કરેલ સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર માન્ય ગણાશે.

## 2. ઓનલાઈન અરજી કરવાની રીત :

આ જાહેરાતના સંદર્ભમાં રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ઓન લાઈન જ અરજી સ્વીકારવામાં આવશે. ઉમેદવાર તા. 24-5-11 બપોરના 12-00 થી તા. 2-6-11( સમય રાત્રિના 23.59 કલાક સુધી) દરમ્યાન **http://ojas.guj.nic.in** પર અરજીપત્રક ભરી શકાશે. ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. Confirmation Number મળ્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ **http://ojas.guj.nic.in** પર જવું.
- ‘ Apply On line ’ Click કરવું.
- ‘Apply for TET Maths – Science OR Language ઉપર Click કરવું.
- Language માં આપેલ ચાર ઓપ્શનમાંથી લાયકાત અંગેની કોઈ એક **Language** પસંદ કરવી. તે રીતે **Maths-Science** માટે પસંદગી કરવી.
- તેની નીચે Apply Now પર Click કરવાથી **Application Format** દેખાશે. Application Format માં સૌપ્રથમ Personal Details ઉમેદવારે ભરવી. ( અહીં લાલ (*) ફુંદડીની નિશાની જયાં હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)
- **Personal Details** ભરાયા બાદ Educational Details ભરવા માટે **Educational Details** પર Click કરવું.
- તેની નીચે **Self Declaration** માં Yes / No પર Click કરવું.
- હવે **Save** પર Click કરવાથી તમારો Data Save થશે. અહીં ઉમેદવારનો **Application Number** Generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે અને હવે પછી આ જાહેરાતના સંદર્ભમાં બોર્ડ સાથે કોઈપણ પત્રવ્યવહારમાં દર્શાવવાનો રહેશે.
- હવે પેજના ઉપરના ભાગમાં **Upload Photo** પર Click કરો. અહીં તમારો **Application Number** Type કરો અને તમારી **Birth Date** Type કરો. ત્યારબાદ Ok પર Click કરો. અહીં **Photo** અને **Signature** upload કરવાના છે. ( ફોટાનું માપ ૫ સે.મી. ઉંચાઈ અને 3.6 સે.મી. પહોળાઈ અને Signature નું માપ 2.5 સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી. ) **Photo** અને **Signature** upload કરવા સૌ પ્રથમ તમારો Photo અને Signature J P G format માં (10 kb) સાઈઝથી વધારે નહીં તે રીતે Computer માં હોવા જોઈએ. **Browse Button** પર Click કરો. હવે **Choose File** ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં **JPG format** માં તમારો **Photo store** થયેલ છે તે ફાઈલને Select કરો અને **Open Button** ને Click કરો. હવે Browse Button ની બાજુમાં **Upload Button** પર Click કરો, હવે બાજુમાં તમારો Photo દેખાશે. હવે આ જ રીતે Signature પણ Upload કરવાની રહેશે.
- **Payment** ઉપર કિલક કરીને **અરજીનંબર અને જન્મતારીખ** નાંખીને Axis Bank ની **પે સ્લીપ (ચલણ)** ડાઉનલોડ કરવું. આ પે સ્લીપથી **₹ 500/** જે તે Axis Bank ની Branch માં ભરવાના રહેશે. જે અંગે આગળની કરવાની થતી કાર્યવાહી **પરીક્ષા ફી** ના મુદ્દામાં જણાવેલ છે.

- હવે પેજના ઉપરના ભાગમાં **Confirm Application** પર Click કરો અને **Application Number** તથા **Birth Date** Type કર્યા બાદ **Ok** પર Click કરવાથી બે (2) બટન 1 : Application Preview 2. Confirm Application દેખાશે. ઉમેદવારે **Show Application Preview** પર **Click** કરી પોતાની અરજી જોઈ લેવી. અરજીમાં સુધારો કરવાનો જણાય તો Edit Application ઉપર Click કરીને સુધારો કરી લેવો. <u>અરજી Confirm કર્યા પહેલાં કોઈપણ પ્રકારનો સુધારો અરજીમાં કરી શકાશે. પરંતુ અરજી Confirm થઈ ગયા બાદ અરજીમાં કોઈપણ જાતનો સુધારો કરી શકાશે નહી.</u> **જો અરજી સુધારવાની જરૂર ન જણાય તો જ Confirm Application પર Click કરવું.** Confirm Application પર Click કરવાથી ઉમેદવારની અરજીનો બોર્ડમાં **Online** સ્વીકાર થઈ જશે. અહીં Confirm Number Generate થશે. જે ત્યારપછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ ઉમેદવારે સાચવવાનો રહેશે. **Confirm Number સિવાય કોઈપણ પત્રવ્યવહાર કે પરીક્ષાને લગતી કોઈપણ કાર્યવાહી કરી શકાશે નહી.**

- <u>હવે Print Application પર Click કરવું. અહીં અરજીપત્રક અને Axis Bank ની પે સ્લીપના પ્રિન્ટના બટન છે. અહીં તમારો **Confirm Number** ટાઈપ કરવો અને Print પર Click કરી અરજીની નકલ કાઢી જરૂરી પ્રમાણપત્રો અને ફી ₹ 500/ ની Axis Bank ની પે સ્લીપની એક કોપી સાથે તમારા જિલ્લાના સ્વીકારકેન્દ્રમાં તા. **3-6-2011** સુધીમાં રૂબરૂ જઈ ચકાસણી કરાવી આપવાનું રહેશે. પ્રિન્ટ કાઢેલા ફોર્મ પર પણ ફરીથી પોતાનો લેટેસ્ટ કલર ફોટોગ્રાફ ચોંટાડવો અને તેની નીચે સહી કરવી.</u>

**3. પરીક્ષા ફી :**

- કોઈપણ કેટેગરીના ઉમેદવારો માટે પરીક્ષા ફી.₹ 500/ ( પાંચ સો પૂરા) રહેશે. પરીક્ષા ફી ભરવા માટે ઉમેદવારે વેબસાઈટ જેના પર રાજય પરીક્ષા બોર્ડે Online Application form મૂકયું છે, તેની સાથે જ Payment Option માં **Axis બેંક**ની કેશ પે સ્લીપ મૂકેલ છે. તે ડાઉનલોડ કરતાં A- 4 સાઈઝના પેપર પર ત્રણ પે સ્લીપ છાપેલી નીકળશે. પે સ્લીપ એકસીસ બેંકની ગુજરાતની કોઈપણ શાખામાં ( યાદી સામેલ છે) ₹ 500/ ની ફી રોકડમાં જમા કરાવવાની રહે છે. તે સાથે બેંકને ₹ 10/ સર્વિસચાર્જ પેટે ચૂકવવાના રહેશે.

- **પે સ્લીપની ત્રણેય નકલ પર બેંક રીસીવીંગ સિકકો અને ટ્રાન્ઝેકશન નંબર, તારીખ નાખી આપશે. જેમાંની બે સ્લીપ ઉમેદવારને બેંક** દ્વારા પરત આપવામાં આવશે. તે બે નકલમાંથી એક નકલ ઉમેદવાર પોતે રાખશે અને બીજી નકલ ફિઝિકલ ફોર્મની સાથે સામેલ કરવાની રહેશે. ઉપરાંત ડાઉનલોડ કરેલા ફોર્મમાં પણ ટ્રાન્ઝેકશન નંબર અને તારીખ લખેલા ખાલી બોકસમાં ઉમેદવારે સ્વહસ્તાક્ષરમાં ફોર્મ રજૂ કરતાં પહેલાં લખવાના રહેશે.

- ડાંગ જિલ્લામાં એકસીસ બેંક ન હોવાથી ત્યાંના ઉમેદવારોએ ડાયેટના TET ફોર્મના રીસીવીંગ સેન્ટરના અધિકારીને ₹ 500/ ફી પેટે કેશ આપવાના રહેશે. અને તે અંગેની પહોંચ ઉમેદવારને આપશે. ડાંગ જિલ્લા સિવાયના જિલ્લાઓએ કોઈપણ એકસીસ બેંકમાં પે સ્લીપ ( ચલણ) થી ફી ભરવાની છે. ડાંગ જિલ્લાએ એકસીસ બેંકમાં પે સ્લીપ ફોર્મ સાથે જોડવાની રહેશે. આ અંગેની વિગતવાર સૂચના મુદ્દા નં. ૩ **પરીક્ષા ફી** માં જણાવવામાં આવી છે.

**4.** જે જિલ્લામાં TET નાં ફિઝિકલી રીતે રજીસ્ટ્રેશન ફોર્મ સ્વીકારવાનાં રહે છે, તે જિલ્લાનાં સ્વીકારકેન્દ્રોનાં નામ સરનામાં તથા સંપર્ક નંબર આ મુજબ છે :

**TET નાં ફિઝિકલ ફોર્મ સ્વીકારવાનાં કેન્દ્રોની જિલ્લાવાર યાદી :**

| Sr.No. | District | Address & Contact Number |
|---|---|---|
| 1 | **Ahmedabad** | District Institute of Education & Training, Raikhad, Nr. Khamasa gate, Ahmedabad Rural- 380001 Phone : (079) 25357541, 25381096<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Ahmedabad Rural |
| 2 | **Ahmedabad** | District Institute of Education & Training, Po. Gota Crossing, Ognaj Road, Gota Ahmedabad Urban- 380060 Phone : (079) 65444519, (02717) 242666<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Ahmedabad Urban |
| 3 | **Amreli** | Dr. Jivaraj Maheta District Institute of Education & Training, Chittal Road, Opp. Eye Hospital, Amreli-365 602. Phone : (02792)220059<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Amreli |
| 4 | **Anand** | District Institute of Education & Training, At &Po. Valasan, Nr. Borsad Crossing Anand-388326 Phone : (02692) 291813<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Anand |
| 5 | **Banaskantha** | District Institute of Education & Training, Government Buniyadi Training College, Gathayan Gate, Ganeshpura, Palanpur-385001 Phone :(02742) 252397, 266134<br>Controlling & Co ordinating Officer : DIET Principal –Palanpur |
| 6 | **Bharuch** | District Institute of Education & Training, Zadeshwar Bh. Manan Ashram, Bharuch-392001 Phone : (02642) 240718 -392001<br>Phone : (02642) 240718<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Bharuch |
| 7 | **Bhavnagar** | District Institute of Education & Training, Ta.-Sidsar, via–Vartej, Bhavnagar - 364060 Phone : (0278) 2444922<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Bhavnagar |
| 8 | **Dahod** | District Institute of Education & Training, C/o Adarsh Nivasi Shala, Chosala Road, Dahod - 389151 Phone : (02673) 224807,248052<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Dahod |
| 9 | **Dang** | District Institute of Education & Training, Waghai – 394710, Dist. Dang Phone : (02631) 246214<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Vaghai |

| | | |
|---|---|---|
| **10** | **Gandhinagar** | District Institute of Education & Training, Sector-12, Vidhya Bhavan, Oppo. Udhyog Bhavan, Nr. GHA-4 Circle, Gandhinagar-382019. Phone : (079) 23236885<br>Controlling & Co ordinating Officer : DIET Principal – G'nagar |
| **11** | **Jamnagar** | District Institute of Education & Training, Lalpur Road, Dared, Opp. N.F.C. Compound, Jamnagar - 361001<br>Phone : (0288) 2730177, 2730335<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Jamnagar |
| **12** | **Kutch** | District Institute of Education & Training, Government Buniyadi Purush Adhyapan Mandir, Opp. S.T. Depo, Middle School ground, Bhuj - 370001 Phone : (02832)221491, 252604<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Bhuj |
| **13** | **Mehsana** | District Institute of Education & Training, Lakhwad, Kukas Road, Mehsana - 384001 Phone : (02762) 292261<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Mahesana |
| **14** | **Narmada** | District Institute of Education & Training, Government Buniyadi Training College, Chhatravilas Palace, Rajpipala – 393145, Dist. Narmada Phone : (02640) 220203, 224414<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Rajpipla |
| **15** | **Navsari** | District Institute of Education & Training, At & Post : Itadava, Nr. Swaminarayan High School, Gandevi road, Oppo. Vishal Nagar , Dist. Navsari Phone : 02637 294969-79<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Navsari |
| **16** | **Patan** | District Institute of Education & Training, Ashish Society Road, Opp. Pitambar Talav, Patan - 384265<br>Phone : (02766) 230961, 224053<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Patan |
| **17** | **Porbander** | District Institute of Education & Training, R.G.T. College Campus, Opp. Birla Factory, Porbander – 360575 Phone : (0286) 2215505<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Porbandar |
| **18** | **Rajkot** | District Institute of Education & Training, Nr. Trikon Bag, Rajkot - 360001 Phone : (0281) 2242140<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Rajkot |
| **19** | **Surat** | District Institute of Education & Training, J.J. Sorabji Purush Adhyapan Mandir, Chok Bajar, **Surat -** 395003<br>Phone : (0261) 2591319<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Surat |
| **20** | **Surendranagar** | District Institute of Education & Training, Opp. Swaminarayan Gurukul School, B/h. M.P. Shah Arts-Science College, **Surendranagar** - 363001 Phone : (02752) 223170<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Su.nagar |

| | | |
|---|---|---|
| **21** | **Vadodara** | District Institute of Education & Training, Oppo. Annavil Bhavan, Karelibag, Vadodara - 390001 Phone : (0265) 2464397, 2463695<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Vadodara |
| **22** | **Valsad** | District Institute of Education & Training, Nr. Madhumani Park, Parnera, Pardi road, **Valsad** - 396001 Phone : (02632) 226001<br>Controlling & Co ordinating Officer : DIET Principal – Valsad |
| **23** | **Kheda** | Block Resource Center ( BRC) Dabhan, Nadiad, Dist. Kheda Phone No. 0268 2581370 ( Kiritbahi Shah )<br>Controlling & Co ordinating Officer : District Primary Education Officer ( DPEO) – Kheda |
| **24** | **Panchmahals** | CRC : Daluni wadi School - Godhra, Dist. Panchmahals : 02672 253375<br>Controlling & Co ordinating Officer : District Primary Education Officer ( DPEO) – Panchmahals |
| **25** | **Tapi** | Block Resource Center ( BRC) Vyara, Dist. Surat : Phone No. 02626 224728<br>Controlling & Co ordinating Officer : District Primary Education Officer ( DPEO) – Tapi |
| **26** | **Sabarkantha** | Taluka School No. 1, Nr. Khadiya crossing, Oppo. Main Post Office, Himmatnagar, Dist. Sabarkantha<br>(M. 99099 71696)<br>Controlling & Co ordinating Officer : District Primary Education Officer ( DPEO) – Sabarkantha |

## 5.માર્ગદર્શક બાબતો :

- ઉચ્ચ પ્રાથમિક શિક્ષક / વિદ્યાસહાયક યોગ્યતા કસોટી આપનાર ઉમદવારો પાસેથી ઓન લાઈન(ON LINE)અરજીઓ મંગાવવામાં આવે છે. અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત અને શારિરીક અપંગતા ( Physically Handicap) ના કિસ્સામાં બંને વિભાગ –1 અને 2 માં દરેકમાં ઓછામાં ઓછા 50 % અને બંને મળી ઓછામાં ઓછા 55 % મેળવી ઉત્તિર્ણ કરવાની રહેશે. જનરલ કેટેગરી માટે બંને વિભાગ –1 અને 2 માં દરેકમાં ઓછામાં ઓછા 50 % અને બંને મળી ઓછામાં ઓછા 60 % મેળવી ઉત્તીર્ણ કરવાની રહેશે.

- ઉમેદવારે વેબસાઈટ પર મૂકવામાં આવેલ રજીસ્ટ્રશન ફોર્મ Download કરીને On line Submission ( with scanning of colour photograph) કરવાનું રહેશે. વળી, પ્રિન્ટ સ્વરૂપે વેબસાઈટ પરથી મેળવેલ ફોર્મને સ્વહસ્તાક્ષરે ભરીને જરૂરી આધારો જેવા કે, સ્વપ્રમાણિત જાતિ અંગેનો દાખલો ( જે ઉમેદવારોને લાગુ પડતું હોય તે કિસ્સામાં ), શારીરિક અપંગતા ( Physically Handicap) નું પ્રમાણપત્ર , ₹ 500/ એકસીસ બેંકમાં પે સ્લીપથી ભર્યા તેની રસીદ સાથે જે તે જિલ્લાના સ્વીકારકેન્દ્ર પર આપવાનું રહેશે.
- ડાંગ જિલ્લામાં Axis બેંક ન હોવાથી ત્યાંના ઉમેદવારોએ સ્વીકારકેન્દ્રના અધિકારીને ₹ 500/ પરીક્ષા ફી પેટે કેશ સ્વરૂપે આપવાના રહેશે. સંબંધિત સ્વીકારકેન્દ્ર ₹ 500/ ના સ્વીકાર અંગેની પહોંચ જે તે ઉમેદવારને આપશે.
- ફોર્મ સ્વીકાર્યા અંગેની પહોંચ પણ જે તે સ્વીકાર કેન્દ્ર આપશે. ફોટાની નીચે ઉમેદવારની સહી સ્કેનીંગ થયેલી હશે, તેની નીચેના ખાનામાં ફિઝિકલી ફોર્મ સબમીટ કરતી વખતે ઉમેદવારે પુનઃ સહી કરવી.
- ઉમેદવાર પોતે જ ફિઝિકલી ફોર્મ સબમીટ કરવા રીસીવીંગ સેન્ટર પર જાય તે ઈચ્છનીય છે.
- જે ઉમેદવારે રજીસ્ટ્રેશન ફોર્મ સાથે નિયત પરીક્ષા ફીની પે સ્લીપની રસીદ, અગાઉ જણાવ્યા મુજબનાં સ્વપ્રમાણિત ડોકયુમેન્ટસ આપેલ હશે તે અરજદારો પોતાની કમ્પ્યુટરાઈઝ હોલટિકિટ આ જ વેબસાઈટ પરથી પોતાનો રજીસ્ટ્રેશન નંબર અને જન્મતારીખ નાખવાથી ડાઉનલોડ કરી શકાશે. તે અંગે અગાઉથી વર્તમાનપત્રો અને વેબસાઈટ પર જણાવવામાં આવશે. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ પછીના બે દિવસોમાં વેબસાઈટ જોતા રહેવું.
- **દરેક જિલ્લામાં પરીક્ષાનું સ્થળ જિલ્લાનું વડુમથક જ રહેશે.**
- **સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.**
- **આ પરીક્ષા ગુજરાતી માધ્યમ માટેના ઉચ્ચ પ્રાથમિક શિક્ષક / વિદ્યાસહાયક માટેની છે.**
- **વિષય કોડ 2 ગણિત–વિજ્ઞાન માટે અને વિષય કોડ 3 ભાષા માટે છે.**
- આ જાહેરાત માટે NIC ની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરતા દરેક ઉમેદવારોને જણાવવાનું કે તેઓએ ઓનલાઈન અરજી કરતાં પહેલાં રાજય પરીક્ષા બોર્ડ દ્વારા વર્તમાનપત્રોમાં આપવામાં આવેલ અને ojas વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલ જાહેરાતનો વિગતવાર અભ્યાસ કરી લેવો. ત્યારબાદ જ NIC ની વેબસાઈટ http://ojas.guj.nic.in ઉપર ઓનલાઈન અરજી કરવી. ઓનલાઈન અરજી કરતા સમયે અરજીની તમામ વિગતો ચોકસાઈ અને કાળજીપૂર્વક સમજી વિચારીને ભરવી. ત્યારબાદ ફોટો અને સહીની JPG

Format માં ફાઈલ Upload કરવી. અરજી Confirm કર્યા પહેલાંની પ્રિન્ટ કાઢી ચકાસી જોવી, અને જો તમામ વિગતો યોગ્ય જણાય તો જ અરજીને Confirm કરવી અને ત્યારબાદ આખરી પ્રિન્ટ કાઢવી.

- જે ઉમેદવારે ખોટી માહિતી આપી હશે તેવા ઉમેદવાર મેરીટમાં આવ્યા હશે તો પણ અમાન્ય ગણાશે. રાજય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાઈ રહેલ આ શિક્ષક યોગ્યતા કસોટી બાબતે ઉમેદવારોને લાલચ કે છેતરપીંડી આચરે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે. કોઈપણ જાતની લાગવગ લાવનાર ઉમેદવારોને ગેરલાયક ઠરાવીને શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવશે.
- **જે ઉમેદવાર રીસીવીંગ સેન્ટર પર ફિઝિકલી ફોર્મ સબમીટ નહી કરે તેનો પરીક્ષાનો સીટનંબર ફળવાશે નહી તેની દરેક ઉમેદવારે ખાસ નોંધ લેવી.**
- **જે ઉમેદવારો ભાષા શિક્ષક માટે B.A. / B.R.S. હોય કે ગણિત–વિજ્ઞાન માટે B.Sc. હોય અને ચાલુ શૈક્ષણિક વર્ષમાં એપ્રિલ – મે 2011 માં જે ઉમેદવારો બી.એડ. અને પી.ટી.સી. ની પરીક્ષા આપી હશે તેઓ પણ આ કસોટી આપી શકશે. જો TET નું પરિણામ આવે ત્યાં સુધી બી.એડ., પી.ટી.સી.નું પરિણામ જાહેર નહીં થાય તો તેવા ઉમેદવારોનું TET નું પરિણામ withheld રાખવામાં આવશે અને પરિણામ જાહેર થયે TET ના પરિણામની માર્કશીટ–પ્રમાણપત્ર આપવામાં આવશે, જેની ખાસ નોંધ લેવી.**
- **ઉમેદવાર જે જિલ્લામાંથી કસોટી આપવા માંગતા હોય તે જિલ્લાનું પરીક્ષાકેન્દ્ર ઓનલાઈન ફોર્મ સબમીટ કરતી વખતે દર્શાવવાનું રહેશે.**
- **ojas** ની વેબસાઈટ પર અરજદારને OMR નો અભ્યાસ–મહાવરો કરવા માટે નમૂનારૂપ OMR મૂકેલ હશે, તે ડાઉનલોડ કરી ઉમેદવાર પ્રેકિટસ કરી શકે છે.
- ઉમેદવારે હોલટિકિટ ડાઉનલોડ કર્યા બાદ તેની નીચે / પાછળ આપેલી સૂચનાઓનો વિગવાર અભ્યાસ કરવો. તે જ રીતે પરીક્ષા વખતે આપવામાં આવનાર અને હાલ વેબસાઈટ પર નમૂનારૂપે મૂકવામાં આવેલ OMR શીટ પર છાપેલ તમામ સૂચનાઓનો વિગતવાર અભ્યાસ કરવો ખૂબ જ જરૂરી છે. જેથી પરીક્ષા સમયે કોઈ ગુંચવણ ઉભી ન થાય.
- ઉકત જાહેરાત અન્વયે વધુ માહિતીની જરૂર જણાય તો ચાલુ કામકાજના દિવસે કચેરી સમય દરમ્યાન બોર્ડની કચેરીના ટોલફ્રી હેલ્પલાઈન નંબર **1800 – 233- 7963** ઉપર સંપર્ક કરી શકાશે.
- **આ કસોટી જરૂરી લાયકાત માટેની છે, તેનાથી શિક્ષક તરીકે પસંદગી પામવાનો હક મળતો નથી.**

## વિભાગ – II

# 1. શૈક્ષણિક લાયકાતની વિગતો :

**ગણિત – વિજ્ઞાન અને ભાષાના શિક્ષક માટે શિક્ષક યોગ્યતા કસોટી આપવાની ની આવશ્યક લાયકાત નીચે મુજબ છે :**

| ક્રમ | કસોટીનું નામ | શિક્ષક યોગ્યતા કસોટી માટેની આવશ્યક લાયકાત |
|---|---|---|
| 1 | ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટેની શિક્ષક યોગ્યતા કસોટી – ગણિત – વિજ્ઞાન<br>**( વિષય કોડ – 2 )** | 1 (A) B.Sc.<br>(B) PTC ( 2 year course) |
| | | 2 (A) B.Sc. ( with not less than 45 %)<br>(B) B.Ed. ( 1 year course) |
| | | 3 (A) H.S.C. ( Science stream with not less than 50 %)<br>(B) B.EL.Ed. : 4 year Course :Bachelor in Elementary Education |
| | | 4 ( A) H.S.C. ( Science stream with not less than 50 %)<br>(B) B.Sc. Ed. ( B.Sc. In Education) 4 year course |
| | | 5 (A) B.Sc. ( Science stream with not less than 50 %)<br>(B) B.Ed. In . Special Education |
| 2 | ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ માટેની શિક્ષક યોગ્યતા કસોટી – ભાષા (ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત)<br>**( વિષય કોડ – 3 )** | 1 (A) B.A. / BRS ( English, Gujarati, Hindi, Sanskrit)<br>(B) PTC ( 2 years PTC) |
| | | 2 (A) B.A. / BRS ( English, Gujarati, Hindi, Sanskrit) Not less than 45 %<br>(B) B.Ed. ( 1 year Course) |
| | | 3 (A) H.S.C. ( with not less than 50 %)<br>(B) B.EL. Ed. : 4 year Course :Bachelor in Elementary Education |
| | | 4 (A) H.S.C. ( with not less than 50 %)<br>(B) B.A. In Edu.( English, Gujarati, Hindi, Sanskrit ) |
| | | 5 (A) B.A. / BRS ( with English : Not less than 50 % )<br>(B) B.Ed. In Special Education |

## 2. કોર્સ ડિઝાઈન અને કસોટી લેવાની પધ્ધતિ :

*( TET : For the Subject of Languages & Maths – Science ) : આ કસોટી ઓ.એમ.આર. પધ્ધતિથી લેવામાં આવશે. કોડ 2 ગણિત – વિજ્ઞાન અને કોડ 3 ભાષા માટે છે.*

- Total Two Parts : (I) Compulsory ( II) Languages OR Maths – Science
- Total 150 MCQs ( Both Sections ) : 150 Marks (Duration :120 Minutes)
- બે કલાકનું સળંગ પેપર ( વિભાગ – 1 અને 2 ) : વચ્ચે કોઈ બ્રેક અથવા રિશેષ નહી.
- Only one OMR Sheet for the answer of 150 Questions ( Part – I & II)

**વિભાગ – 1 Compulsory : 75 MCQs & 75 Marks :** Each MCQ is of One Mark

- MCQ = Multiple Choice Questions ( બહુવિકલ્પ પસંદગી કસોટી )

**A. બાળવિકાસ અને શિક્ષણના સિધ્ધાતો : Child Development & Pedagogy : 25**

- 25 Marks & 25 MCQs
- Each MCQ is of One Mark. No Negative Marking System.
  - 11 થી 14 વયજૂથનાં બાળકો માટેની અધ્યયન – અધ્યાપન પધ્ધતિ અને શૈક્ષણિક મનોવિજ્ઞાન
  - વિચારશકિત, તર્કશકિત : Reasoning Ability, Logical Ability
  - શિક્ષક તરીકેની અભિયોગ્યતાનું મૂલ્યાંકન : Teacher Aptitude
  - માહિતીનું પૃથકકરણ અને અર્થઘટન : Data Interpretation
  - શીખનાર બાળક સાથેનો વર્ગખંડ વ્યવહાર : આંતરક્રિયા અંગેની સંકલ્પનાઓ
  - બાળકેન્દ્રી અધ્યયન – અધ્યાપન
  - અધ્યયન – અધ્યાપનના વ્યવહારૂ પ્રશ્નો : Applied Questions

**B. ભાષા ( ગુજરાતી, અંગ્રેજી ) Languages : 25 Marks & 25 MCQs 25**

- Each MCQ is of One Mark. No Negative Marking System.
  - ગુજરાતી ભાષા સજ્જતા
  - વિદ્યાર્થીઓ સાથેનો વર્ગવ્યવહાર અને આંતરક્રિયા
  - અંગ્રેજી ભાષાનાં મૂળભૂત તત્વો
  - પ્રત્યાયન – વાતચીત દ્વારા શિક્ષણ – સંભાષણ પધ્ધતિ દ્વારા અંગ્રેજી ભાષા શિક્ષણ
  - ગદ્યાર્થગ્રહણ ક્ષમતા

**C. સામાન્યજ્ઞાન અને વર્તમાન પ્રવાહો : General Knowledge & Current affairs** **25**

- 25 Marks & 25 MCQs
- Each MCQ is of One Mark. No Negative Marking System

**વિભાગ – 2 : For Language Teacher OR For Maths – Science Teacher**

**(A) Language Teacher : Languages : 75 MCQs & 75 Marks** **75**

- Gujarati : 20 MCQs, English 40 MCQs, Hindi & Sanskrit 15 MCQs
- Each MCQ is of One Mark.
- No Negative Marking System.

- **ચાર ભાષાઓના આ સંકલિત પેપરમાં દરેક વિષયની ભાષાસજ્જતાને લગતા પ્રશ્નો**
- **વાતચીત – પ્રત્યાયન દ્વારા ભાષાશિક્ષણ**
- Comprehension Skill – **અર્થગ્રહણ ક્ષમતા**
- **વિદ્યાર્થીઓ સાથેનો વર્ગવ્યવહાર અને આંતરક્રિયા**
- **ભાષાનાં મૂળભૂત તત્વો**

# OR

**(B) Maths – Science Teacher :** 75 MCQs & 75 Marks **75**

- Each MCQ is of One Mark.
- No Negative Marking System.

- **ગણિત વિષયમાં સંકલ્પના સ્પષ્ટીકરણ**
- Problem solving Abilities : **સમસ્યાઉકેલ સંબંધી ક્ષમતા**
- Methodology & Content based Applied Questions : **પધ્ધતિશાસ્ત્ર તથા વિષયવસ્તુને લગતા વ્યવહારૂ પ્રશ્નો**
- Applied Science : **વ્યવહારૂ વિજ્ઞાન**
- **રોજબરોજના અનુભવો સાથેનું વિજ્ઞાન**
- **સ્વાનુભવો, અવલોકન અને નિરીક્ષણ દ્વારા વિજ્ઞાન શિક્ષણ**

**ખાસનોંધ :** *કઠિનતા સ્તર : આ કસોટીઓ માટે ધોરણ – 6થી 8 નો અભ્યાસક્રમ ધ્યાને લેવાશે, પરંતુ તેનું કઠિનતા સ્તર અને સંબંધ ઉચ્ચ માધ્યમિક શિક્ષણ સાથેનો હશે.*

**સ્થળ : ગાંધીનગર**

**તારીખ : 21.5.2011**

**અધ્યક્ષ**
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

## નકલ સવિનય રવાના :

- માનનીય શિક્ષણમંત્રીશ્રીના – અંગત મદદનીશશ્રી – શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર
- માનનીય રાજય કક્ષાના શિક્ષણમંત્રીશ્રીના – અંગત મદદનીશશ્રી – શિક્ષણમંત્રીશ્રીનું કાર્યાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ,નવા સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, નવા સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ,ગુજરાત રાજય,ગાંધીનગર.
- નિયામકશ્રી,ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,ગુજરાત રાજય,ગાંધીનગર.

## • નકલ સવિનય જાણ સારૂ ::

- પ્રતિ, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી – તમામ
- પ્રતિ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી – તમામ
- પ્રતિ, આચાર્યશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – તમામ

# <u>પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી માટેની જાહેરાત</u>

પ્રાથમિક શિક્ષક યોગ્યતા કસોટી અંગેના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક : પીઆરઈ–૧૧૧૧–૭૧૧–ક, સચિવાલય, ગાંધીનગર, તા. ૨૭–૪–૨૦૧૧તથા *વિદ્યાસહાયક ભરતી અંગેના ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક : પીઆરઈ–૧૧૧૦–૨૨૩–ક, સચિવાલય, ગાંધીનગરના તા. ૨૭–૪–૨૦૧૧* માં દર્શાવ્યા મુજબ પ્રથમ તબકકામાં ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો / વિદ્યાસહાયકો માટેની ભાષા(ગુજરાતી, અંગ્રેજી, હિંદી, સંસ્કૃત ) અને ગણિત–વિજ્ઞાનની શિક્ષક યોગ્યતા કસોટી રાજય પરીક્ષા બોર્ડ , ગાંધીનગર દ્વારા **૧૨ જૂન – ૨૦૧૧** ના રોજ લેવામાં આવશે.

ઉપરોકત બંને ઠરાવ ગુજરાત સરકારની વેબસાઈટ www.gujarat-education.gov.in પર મૂકવામાં આવેલ છે. શિક્ષક યોગ્યતા કસોટી : **Teacher Eligibility Test (TET)** ના ઠરાવમાં આ કસોટીઓ અંગેનું વિગતવાર માળખું મુકવામાં આવેલ છે. કસોટી અંગેના કાર્યક્રમની વિગતો નીચે મુજબ છે.

1. આ કસોટી માટેનું અરજી ફોર્મ htpp://ojas.guj.nic.in ની વેબસાઈટ ઉપરથી ઓનલાઈન ભરવાનું રહેશે.
2. ફોર્મ તા. **૨૪–૫–૨૦૧૧** ના રોજ બપોરના **૧૨–૦૦** કલાકથી તા. **૨–૬–૨૦૧૧**ના રોજ રાત્રિના **૨૩–૫૯** કલાક સુધી ઓનલાઈન ભરી શકાશે.
3. ઓનલાઈન ફોર્મ ભર્યા બાદ ભરેલ ફોર્મની પ્રિન્ટ સાથે દરેક જિલ્લામાં નકકી કરવામાં આવેલ સ્વીકારકેન્દ્ર ઉપર તા. **૨૪–૫–૨૦૧૧** થી તા. **૩–૬–૨૦૧૧** ના સુધી જાહેર રજાના દિવસો સહિત કચેરી સમય દરમ્યાન સ્વીકારવામાં આવશે. તા. **૩–૬–૨૦૧૧** ના રોજ ૧૫–૦૦ કલાક સુધી જ ફોર્મ સ્વીકારવામાં આવશે.
4. આ પરીક્ષા માટેની શૈક્ષણિક લાયકાત, કોર્સ ડિઝાઈન અને કસોટી લેવાની પધ્ધતિ, ફિઝિકલ ફોર્મ રજૂ કરવાના જિલ્લાવાર સ્વીકાર કેન્દ્રની યાદી,કસોટીની ફી ભરવાની વિગત, તથા કસોટી અંગેની વિગતવાર સૂચનાઓ htpp://ojas.guj.nic.in વેબસાઈટ ઉપર મૂકવામાં આવેલ છે. જેનો કાળજીપૂર્વક અભ્યાસ કરી ફોર્મ ભરવાનું રહેશે.
5. શિક્ષક યોગ્યતા કસોટી : (TET) માટે ટોલફ્રી હેલ્પલાઈન નંબર **1800-233-7963** છે.

**સચિવ**
**રાજય પરીક્ષા બોર્ડ**
**ગાંધીનગર**